# કેન્સરના ચિહ્નો અને લક્ષણો

**જો તમારા શરીરમાં કંઈક અયોગ્ય લાગે, અથવા તમને આ પત્રિકામાં દર્શાવેલ કોઈપણ ચિહ્નો અથવા લક્ષણોનો અનુભવ થાય, તો તમારા GP પ્રેક્ટિસનો સંપર્ક કરો. પછી ભલે તે કદાચ કોઈ ગંભીર ન હોય, પરંતુ તેની તપાસ કરાવવી શ્રેષ્ઠ ઉપાય છે.**

**કેન્સરના ચિહ્નો અને લક્ષણોમાં આ શામેલ હોઈ શકે છે:**

- શરીર પર ક્યાંય પણ અસ્પષ્ટ હોય તેવી ગાંઠ
- એવું તલ જેનો રંગ અથવા આકાર બદલાય છે, અથવા ખંજવાળ, પોપડા, છાલ અથવા રક્તસ્ત્રાવ શરૂ થાય છે
- તમારા મળમાં લોહી આવવું
- તમારા પેશાબમાં લોહી આવવું - ભલે તે માત્ર એકવાર આવ્યું હોય
- અણધારી રીતે અથવા અસ્પષ્ટ રક્તસ્ત્રાવ, જેમ કે:
  - તમારા શરીરના નીચેના ભાગમાંથી લોહી પડવું
  - ઉધરસ વખતે અથવા ઉલટીમાં લોહી આવવું
  - મેનોપોઝ પછી અથવા માસિક સ્રાવ વચ્ચે અથવા સેક્સ કર્યા પછી લોહી આવવું
- શ્વાસ લેવામાં તકલીફ પડવી
- વારંવાર ચેપ લાગવો
- રાત્રે કારણ વગર પરસેવો થવો, વજન ઘટવું કે ઉઝરડા થવા.


જ્યોતિ સૂદ, GP

**વધુ ધ્યાન આપવા જેવા ચિહ્નો માટે કૃપા કરીને આ પત્રિકાની પાછળની બાજુ જુઓ.**

Clear on cancer

Help us help you

**જો તમને આ પૈકી કોઈપણ દેખાય અને તે ત્રણ અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી રહે, તો તે કેન્સરનું લક્ષણ હોઈ શકે છે:**

- ઉધરસ આવવી અથવા હાલની ઉધરસમાં ફેરફાર
- મોઢામાં ચાંદા પાડવા કે અલ્સર જે મટતું ન હોય
- પેટની તકલીફ, જેમ કે તેમાં અસ્વસ્થતા અથવા ઝાડા થવા
- થાક અને અસ્વસ્થતા અનુભવવી અને આવું શા માટે છે તેની જાણ ન હોવી
- છાતીમાં બળતરા અથવા અપચો
- અસામાન્ય, પીળું અથવા ચીકણું મળ
- ન સમજાય તેવી પીડા અથવા અસ્વસ્થતા
- મોટાભાગના દિવસો સુધી પેટ ફૂલેલું રહેવું.

**જો તમને આ પત્રિકામાં દર્શાવેલ કોઈપણ ચિહ્નો અને લક્ષણોનો અનુભવ થાય, તો તમારા GP પ્રેક્ટિસનો સંપર્ક કરો.**

તે કદાચ કંઈ ગંભીર ન હોય, પરંતુ કેન્સરનું વહેલી તકે નિદાન થવાથી તેની સારવાર વધુ યોગ્ય રીતે થઈ શકે છે અને તે જીવન બચાવી શકે છે. કેન્સરની સંભાવનાને દૂર કરવા તમારા GP તમને પરીક્ષણો માટે રેફર કરી શકે છે. પરિણામ ગમે તે હોય, તમારું NHS તમારી સાથે છે.

જો તમારા લક્ષણો ચાલુ રહે, બદલાય અથવા વધુ ગંભીર થાય છે, તો તમારા GP પ્રેક્ટિસમાં પાછા જવું મહત્વપૂર્ણ છે.

## કેન્સરના ચિહ્નો અને લક્ષણો વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત કરો

nhs.uk/cancersymptoms

Clear on cancer

Help us help you